Amul
The Taste of India

# દૂધસાગર પત્રિકા

Dudhsagar
The Pride of India

અંક-૩-૪-૫ માર્ચ-એપ્રિલ-મે-૨૦૧૬

## સિપોર મુકામે 'નવીન દૂધ ઘર' નો શુભારંભ

# દૂધસાગર ડેરી રણમાં મીઠી વીરડીની જેમ તમામ ગ્રાહકોને તેના લાભો આપી રહી છે: આશાબેન ઠાકોર

સિપોર(તા.વડનગર)મુકામે તા.૩૧/૦૩/૨૦૧૬ના રોજ દૂધ મંડળીના નવીન મકાન અને બલ્ક કુલરના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉદ્‌બોધન કરતાં દુરડાના અધ્યક્ષશ્રી વિપુલભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે અમારા ગામ ચરાડામાં જયારે ડેરીની સ્થાપનાની વાત થતી હતી ત્યારે મારી માતૃશ્રી પણ ચર્ચામાં એની ટીકા કરતાં કહેતાં હતા કે ડેરી થશે તો ગરીબોની છાસનું શું થશે? વલોણાના દિવસો જુદા હતા. આપણે દૂધના સહકારી ધંધામાં ૫૦ વર્ષ પહેલાની વાતો કરીએ છીએ પરંતુ ૫૦ વર્ષ પછી શું થશે એની પણ વાત કરવી જોઈએ. ભારતમાં ભાગ્ય જ એવું કોઈ ગામ હશે કે જયાં ગાય કે ભેંસ નહિ હોય . પરંતુ પાણી વગરના વિસ્તારમાં, લોકોને હિજરત કરવી પડે એવી સ્થિતિમાં દૂધના ધંધાને સહકારી ક્ષેત્રે સારી રીતે ગોઠવી શકયા છીએ, પશુપાલન ને વ્યાપારિક રીતે ગોઠવી શકયા છીએ. લોકોમાં જે રીતે શિક્ષણ આવતું જાય છે એ રીતે દુનિયામાં ગામડા તુટતા જાય છે. સૌથી વધારે શહેરીકરણ ગુજરાતમાં છે. દૂધના ધંધામાં નફો મેળવવા વધુ દૂધ આપતાં વધુ પશુ રાખવાં પડશે.લોકોને પરદેશમાં જઈ સફાઈ કામ કરવું છે. પરંતુ અહી રહી ખેતરમાં /પશુપાલનમાં કામ કરતાં શરમ આવે છે.



સિપોર(તા.વડનગર) મુકામે તા.૩૧/૦૩/૨૦૧૬ના રોજ દૂધ મંડળીના નવીન મકાન અને બલ્ક કુલરના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉદ્‌બોધન કરતા દુરડાના અધ્યક્ષશ્રી વિપુલભાઈ ચૌધરી તેમજ મંચ પર ઉપસ્થિત દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ શ્રીમતી આશાબેન ઠાકોર, દૂધસાગર ડેરીના ડિરેકટરશ્રી મોંઘજીભાઈ પટેલ, દુરડાનાં ડીરેકટર શ્રી બાબુભાઈ ચૌધરી,વડનગર તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી સોમાજી ઠાકોર, રણજીતસિંહ ઠાકોર,મંડળીના મંત્રીશ્રી મંગળદાસ પટેલ, સરપંચ શ્રી સુનીલકુમાર,જીલ્લા ડેલીગેટ બાબુજી ઠાકોર, તાલુકા ડેલીગેટ રમેશજી ઠાકોર, મંડળીના પ્રમુખશ્રી રણછોડજી ઠાકોર.

દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ શ્રીમતી આશાબેન ઠાકોરે જણાવ્યું હતું કે દૂધસાગર ડેરી રણમાં મીઠી વીરડીની જેમ તમામ ગ્રાહકોને તેના લાભો આપી રહી છે. દૂધસાગર ડેરીને કેટલાક લોકો પોતાના અંગત સ્વાર્થ ખાતર બદનામ કરવાનું કામ કરી રહયા છે તે લોકોને ઓળખી આપણે તેઓને જાકારો આપવો પડશે.

## લોકો પરદેશમાં જઈ સફાઈનું કામકાજ કરે છે, પરંતુ અહી રહી ખેતરમાં / પશુપાલનમાં કામ કરવામાં શરમ અનુભવે છે.

Ⓝ

### કકાસણા મુકામે 'નવીન દૂધ ઘર' નો શુભારંભ

# દૂધસાગર ડેરીની દૂધ ઉત્પાદક બહેનો હવે કોઈપણ સંજોગોમાં અન્યાય સહન કરશે નહીં : આશાબેન ઠાકોર








કકાસણા (તા.ચાણસ્મા) મુકામે તા.૨૫/૪/૨૦૧૬ના રોજ'નવીન દૂધ ઘર'ના શુભ ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત દુરડાના અધ્યક્ષશ્રી વિપુલ ચૌધરી,ગુજરાતના ગૃહ રાજ્યમંત્રીશ્રી રજનીભાઈ પટેલ, દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ શ્રીમતી આશાબેન ઠાકોર ડેરીના ડિરેક્ટરશ્રી વાઘુભાઈ દેસાઈ, ડેરીના પૂર્વ ડિરેક્ટરશ્રી ખેંગારભાઈ દેસાઈ શ્રી મોંઘજીભાઈ ઘનજીભાઈ પટેલ (ડીરેક્ટરશ્રી : દૂધસાગર ડેરી,મહેસાણા) શ્રી શંકરભાઈ જેસંગભાઈ ચૌધરી (ડીરેક્ટરશ્રી : દૂધસાગર ડેરી, મહેસાણા) શ્રીમેપાજી રૂપસંગજી ઠાકોર (ડીરેક્ટરશ્રી : દૂધસાગર ડેરી,મહેસાણા) શ્રી ભગવતસિંહ મગનજી ઝાલા (ડીરેક્ટરશ્રી: મહેસાણા બફેલો બ્રિડર્સ એસો.) શ્રી રામજીભાઈ કરમશીભાઈ દેસાઈ (ડીરેક્ટરશ્રી : દૂરડા, દૂધસાગર ડેરી, મહેસાણા) શ્રી ભગવતીબેન સક્તાભાઈ ભરવાડ (ડીરેક્ટરશ્રી: દૂધસાગર ડેરી મહેસાણા)ફોટામાં દ્રશ્યમાન થાય છે. કકાસણાના ગ્રામજનોએ શ્રી દિનેશભાઈ.એન.ચૌધરીને કકાસણા ગામના વિકાસમાં તેઓએ આપેલી સેવાઓની કદર કરતાં દૂરડાના ચેરમેન શ્રી વિપુલ ચૌધરીના હસ્તે સન્માનપત્ર આપી સન્માનીત કર્યા હતાં. આ પ્રસંગે દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ શ્રીમતી આશાબેન ઠાકોરે જણાવ્યું હતું કે, દૂધનો ધંધોએ બહેનો સાથે સંકળાયેલો છે. દૂધસાગર ડેરીની દૂધ ઉત્પાદક બહેનો હવે કોઈપણ સંજોગોમાં અન્યાય સહન કરશે નહીં.

## મહેસાણા જિલ્લા સહકારી સંઘ દ્વારા જિલ્લાની સેવા/દૂધ મંડળીઓનો સેમિનાર યોજાયો




તા.૨૧/૩/૨૦૧૬ના રોજ મહેસાણા જિલ્લા સહકારી સંઘ, મહેસાણા આયોજીત મહેસાણા જિલ્લાની સેવા/દૂધ મંડળીઓનો સેમિનાર પ્રસંગે દીપ પ્રાગટય કરતા જિલ્લાસંઘના અધ્યક્ષ શ્રી વિઠ્ઠલભાઈ પટેલ, દુરડાનાં અધ્યક્ષ શ્રી વિપુલભાઈ ચૌધરી, ડિસ્ટ્રીક બેંકના પૂર્વ ચેરમેન તેમજ ગુજકો-માસોલના ચેરમેન શ્રી નટવરલાલ પી. પટેલ,પૂર્વ રજિસ્ટાર (સહકારી મંડળી શ્રી જી.કે.પંડયા) વિસનગર તાલુકા ખ.વે.સંઘના પ્રમુખ શ્રી કે.કે.ચૌધરી ફોટામાં દ્દશ્યમાન થાય છે.

## ભૂંભળીયાપુરા (એંદલા)મુકામે દૂધ મંડળીનાં નવીન મકાન તથા બલ્કકુલરનું ઉદ્દઘાટન



તા.૧૪/૪/૨૦૧૬ને ગુરૂવારના રોજ ભૂંભળીયાપુરા (એંદલા) દૂધ ઉત્પાદક સહકારી મંડળીનું નવીન મકાન તથા બલ્કકુલરના ઉદ્દઘાટન સમારોહ કાર્યક્રમમાં સંબોધન કરતા દુરડાના ચેરમેન શ્રી વિપુલભાઈ ચૌધરી, સાથે (ડાબેથી) દૂધસાગર ડેરીના ડીરેકટર શ્રી શંકરભાઈ ચૌધરી, ડીરેકટરશ્રી મેપાજી ઠાકોર, દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ શ્રીમતી આશાબેન ઠાકોર,શ્રી રણછોડભાઈ દેસાઈ,શ્રી સોમાભાઈ રાયકા, દુરડાના ડીરેકટર શ્રી રામજીભાઈ દેસાઈ દશ્યમાન થાય છે.

## મધુપુરી મહિલા(મહુડી)મુકામે મંડળીના નવીન મકાનનું ઉદ્દઘાટન



મધુપુરી મહિલા(મહુડી તાલુકો- માણસા) મુકામે નવીન દુધઘરનું ઉદ્દઘાટન કરતાં દુરડાના ચેરમેન શ્રી વિપુલભાઈ ચૌધરી સાથે ગુજરાત સરકારના માજી કાયદામંત્રીશ્રી વી.ડી.ઝાલા દૂધસાગર ડેરીના ડીરેકટર શ્રી શંકરભાઈ ચૌધરી, દૂધસાગર ડેરીના ડીરેકટર શ્રી દૂરસિંહ ટેટસિંહ રાઠોડ, દૂધસાગર ડેરીના ડીરેકટર શ્રી કાન્તિભાઈ પટેલ, દૂધસાગર ડેરીના ડીરેકટરશ્રી મોઘજીભાઈ પટેલ, ફોટામાં દ્દશ્યમાન થાય છે.

## એંદલા મુકામે મંડળીના નવીન મકાનનો શુભારંભ



તા.૧૪/૪/૨૦૧૬ને ગુરૂવારના રોજ એંદલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીનું નવીન મકાન તથા બલ્કકુલરના ઉદ્દઘાટન સમારોહ કાર્યક્રમમાં સંબોધન કરતા દુરડાના ચેરમેન શ્રી વિપુલભાઈ ચૌધરી, સાથે (ડાબેથી) દૂધસાગર ડેરીના ડીરેકટર શ્રી શંકરભાઈ ચૌધરી, ડીરેકટરશ્રી મેપાજી ઠાકોર, દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ શ્રીમતી આશાબેન ઠાકોર, બનાસ ડેરીના વાઈસ ચેરમેન શ્રી માવજીભાઈ દેસાઈ,દૂરડાના ડીરેકટર શ્રી રામજીભાઈ દેસાઈ,શ્રી સોમભાઈ રાયકા દ્દશ્યમાન થાય છે.

### કકુંપુરા મુકામે 'નવીન દૂધ ઘર'નું ઉદ્‌ઘાટન

# દૂધસાગર ડેરી દૂધ ઉત્પાદકોને પોષણક્ષમ ભાવ આપવા પ્રતિબધ્ધ છે : વિપુલ ચૌધરી




તા.૧૮/૪/૨૦૧૬ને સોમવારના રોજ શ્રી કંકુપુરા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના નવીન મકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે દીપ પ્રાગટય કરતાં (ડાબેથી)પૂર્વ ડીરેકટર દુરડા શ્રી દિવાનજી ઠાકોર, શ્રીમતી સુરજબેન ચૌધરી ડીરેકટર દૂધસાગર ડેરી, દુરડાના અધ્યક્ષ શ્રી વિપુલભાઈ ચૌધરી, તાલુકા ખ.વે.સંઘ વિસનગરના પ્રમુખ શ્રી કાનજીભાઈ કે ચૌધરી,શ્રી જેસંગભાઈ ચૌધરી દૂધસાગર ડેરીના પૂર્વ અધિકારીશ્રી, દુરડાના ડીરેકટર શ્રી ચૌધરી હસમુખભાઈ દ્રષ્ટિગોચર થાય છે.દૂરડાના અધ્યક્ષ શ્રી વિપુલ ચૌધરી એ જણાવ્યું હતું કે ટૂંકા ગાળામાં કંકુપુરા મંડળીની પ્રગતિ ખુબ સરસ છે. આપણે અમૂલની દૂધ અને તેની બનાવટોની ગુણવત્તાને કારણે ખુબ મોટુ બજાર હાસિલ કરી શકયા છીએ. ગુણવત્તાથી ભાવમાં પણ ફેર પડે છે. પહેલાના સમયમાં ગાય કે ભેંસ બીમાર પડતી તો ભુવાને બોલાવતા, દોરાધાગા કરાવતા હતા જેની જગ્યાએ અત્યારે આપણે ડેરીના ડોકટરોને બોલાવતા થયા છે. સમાજમાં પણ ઘણું પરીવર્તન આવ્યું છે. એક સમયમાં આપણે શિયાળામાં દૂધ લઈ શકતા નહોતા તેની જગ્યાએ અત્યારે ગમે તેટલું દૂધ ઉત્પાદન થાય તે લેવા અને તેની પ્રકિયા કરી દૂધની બનાવટો બનાવવા સક્ષમ થયાં છે.દૂધસાગર ડેરી દૂધ ઉત્પાદકોને પોષણક્ષમ ભાવ આપવા પ્રતિબધ્ધ છે.ખેતી અને પશુપાલન ગામડામાં ઓછા ભણેલા લોકો કરતા હોય છે. પશુપાલનને તેઓ વ્યવસાય તરીકે અપનાવતા હોય છે.પાણીની અછતવાળા આપણા આ જિલ્લામાં લોકોએ પશુ પાલનને ખેતીના પૂરક વ્યવસાયને કારણે લોકોના જીવનધોરણમાં ખૂબ મોટા પાયે સુધારો થયો છે. પશુપાલનના વ્યવસાયને આપણે સહકારી ધોરણે,વ્યાપારી ધોરણે અને વૈજ્ઞાનિક ધોરણે વિકસાવવાનો પ્રયત્ન કર્યો છે આને કારણે મહેસાણા જિલ્લાએ દેશ માં અને રાજયમાં પોતાની એક અલગ છાપ ઉભી કરી છે.

# દૂધસાગર ડેરીને અમૂલ ફેડરેશન દ્વારા કરવામાં આવી રહેલા અન્યાય સામે વિવિધ તાલુકાઓમાં દૂધ ઉત્પાદકોએ આવેદનપત્રો આપ્યાં

દૂધસાગર ડેરીને અમૂલ ફેડરેશન દ્વારા કરવામાં આવી રહેલા અન્યાય સામે દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ શ્રીમતી આશાબેન મહિપાલસિંહ ઠાકોરની આગેવાનીમાં મહેસાણા ડેરીના કાર્યક્ષેત્રના તાલુકાઓમાં દૂધ ઉત્પાદકો સાથે રેલી કાઢી મામલતદારોને આવેદન પત્ર આપવામાં આવ્યાં હતા.

સાથે સાથે બીજી શ્વેત ક્રાંતિની ભલામણોનો પણ સત્વરે અમલ થાય એ માટે એની નકલ પણ આપવામાં આવી હતી.

આવેદનપત્રમાં કરવામાં આવેલ માંગણીઓ નીચે મુજબ છે.

૧. માનસિંહભાઈ ઈન્સ્ટિટયૂટ ઓફ ડેરી એન્ડ ફૂડ ટેકનોલોજી (એમ.આઈ.ડી.એફ.ટી.)ને અમૂલ ફેડરેશન દ્વારા રૂા.૫ કરોડની સહાય ચૂકવવા બાબત

૨. માનસિંહભાઈ ઈન્સ્ટિટયૂટ ઓફ ટ્રેઈનીંગ (એમ.આઈ.ટી.) દૂધસાગર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (દૂરડા)એસોસિએશનને સોંપવા બાબત.

૩. દિલ્હી નજીક દૂધમાનસાગર ડેરી માનેસર અને દૂધમોતી સાગરડેરી-ધારહેડાની ક્ષમતાના અપૂરતા ઉપયોગથી નુકશાન બાબત

૪. પાઉચ દૂધ વેચી ના શકવાથી દૂધનો પાવડર બનાવવો પડયો જેને કારણે થયેલ નુકશાન બાબત

૫. પાવડરના વેચાણ માટે દૂધસાગર ડેરીને દંડ શા માટે ?

૬. અમૂલ ફેડરેશનના સભ્ય સંઘો વચ્ચે ધંધાની સ્પષ્ટ ફાળવણીના અભાવ બાબત

૭. મહેસાણા સંઘથી તૈયાર દૂધ ઉત્પાદનોનું વેચાણ ફેડરેશને ઘટાડયું .

૮. મધર ડેરી કોના માટે અને કોના દ્વારા ઉભી થઈ છે?

૯. દૂધ લેવું અને મતાધિકાર ન આપવો એ અન્યાયી વલણ.

૧૦. મહેસાણા સંઘને અને અમૂલ ફેડરેશને મલ્ટિ સ્ટેટ કો-ઓપરેટીવ એકટમાં સામેલ કરવા બાબત

૧૧. સામાન્ય તાપમાને બગડી ના જાય એવા “અમૂલ મોતી” દૂધના મશીનોનો અપૂરતો ઉપયોગ થવા બાબત

૧૨. કડી તેમજ પાટણ ડેરીનો અપૂરતો ઉપયોગ થવા બાબત

૧૩. એન.સી.ડી.સી. એ મંજૂર કરેલ પ્રોજેકટ માટે ગેરંટી ન આપવી.

૧૪. વેટરનરી સેવાઓનો ખર્ચ ફેડરેશને કરવાની જરૂરિયાત છે. તેનો અમલ કરવા બાબત

૧૫. દુષ્કાળના સમયમાં મુંગા પશુઓ માટે સૌરાષ્ટ્ર અને મહારાષ્ટ્રને આપેલ પશુઆહાર બાબત.



ખેરાલુ મુકામે તા.૪-૪-૨૦૧૬ ના રોજ મામલતદારને આવેદન પત્ર આપતા દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ શ્રીમતી આશાબેન ઠાકોર, ડેરીના ડીરેકટર મોઘજીભાઈ પટેલ, દૂરડાના ડીરેકટર જયંતીભાઈ પટેલ,ડેરીના પૂર્વ ડીરેકટરશ્રીઓ ભગવાનભાઈ ચૌધરી તથા દિનેશભાઈ ચૌધરી તથા દૂધ ઉત્પાદકો..



પાટણ મુકામે તા.૫-૪-૨૦૧૬ ના રોજ મામલતદારને આવેદન પત્ર આપતા દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ શ્રીમતી આશાબેન ઠાકોર, ડેરીના ડીરેકટર શંકરભાઈ ચૌધરી,મેપાજી ઠાકોર,સકતાભાઈ ભરવાડ ,રામજીભાઈ દેસાઈ તથા દૂધ ઉત્પાદકો.



મહેસાણા મુકામે તા.૬-૪-૨૦૧૬ નારોજ મામલતદારને આવેદન પત્ર આપતા દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ શ્રીમતી આશાબેન ઠાકોર સાથે ડેરીના પૂર્વ ડીરેકટરશ્રી ખેંગારભાઈ દેસાઈ તથા શામજીભાઈ ચૌધરી તથા દૂધ ઉત્પાદકો.



વિજાપુર મુકામે તા.૭-૪-૨૦૧૬ ના રોજ મામલતદારને આવેદન પત્ર આપતા દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ શ્રીમતી આશાબેન ઠાકોર, દૂરડાના ડીરેકટર રમણભાઈ પટેલ તથા દૂધ ઉત્પાદકો.




કલોલ મુકામે તા.૧૧-૪-૨૦૧૬ ના રોજ મામલતદારને આવેદન પત્ર આપતા દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ શ્રીમતી આશાબેન ઠાકોર, ડેરીના ડીરેકટરશ્રી ઘનશ્યામસિંહ વાઘેલા તથા દૂધ ઉત્પાદકો.



સિધ્ધપુર મુકામે તા.૧૨-૪-૨૦૧૬ ના રોજ મામલતદારને આવેદન પત્ર આપતા દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ શ્રીમતી આશાબેન ઠાકોર, વેલજીભાઈ ચૌધરી , અભુસિંહ ઠાકોર તથા દૂધ ઉત્પાદકો.

## દૂધસાગર ડેરીનું અહિત કરનારા તત્વોને આપણે ઓળખીને આપણે સૌ સાથે મળીને તેમને જાકારો આપવો પડશે : આશાબેન ઠાકોર

®

## ભારતમાં બીજી "શ્વેત ક્રાંતિ" સુગમ બનાવવા માટેના નીતિ નિર્ધારક સૂચનો.

૧૬. ખોટી પોલીસ ફરિયાદો પાછી ખેંચવા બાબત.
- દૂધને કૃષિ પેદાશ ગણવી.
- સ્વરોજગારની પ્રવૃતિ તરીકે ડેરી ફાર્મીંગને પ્રોત્સાહન
- મનરેગા યોજના અંતર્ગત ડેરીનો સમાવેશ
- ઘાસચારો તથા પશુદાણની ઉંચી કિંમતમાં રાહત
- પશુઓ માટે ફીડ સિક્યોરીટી બીલ
- બિન ઉત્પાદક પશુઓ માટે સહાય
- દૂધ દ્વારા કુપોષિત બાળકોનું યોગ્યતમ પોષણ
- કૃષિ ઉધોગ વ્યવસ્થાપન અને શિક્ષા પર ધ્યાન કેન્દ્રીત કરવું.
- સહકારી સંઘો સરકારી મદદને કો-ઓપરેટીવ પ્રાયોરીટી સેકટર ગણવા
- અમૂલને રાષ્ટ્રીય સહકારી સંસ્થાન તરીકે પૂનર્ગઠિત કરવું જોઈએ.
- રાષ્ટ્રીય મીલ્ક ગીડની સ્થાપના
- નિકાસ તથા વિદેશી હૂંડિયામણ
- દૂધ અને દૂધની પેદાશોની નિકાસ નીતિ માટે ડેરી ઉધોગના તજજ્ઞો સાથે પરામર્શ
- યુરોપિયન યુનિયન સાથે મુકત વ્યાપાર કરારમાં સાવચેતી



માણસા મુકામે તા.૧૩-૪-૨૦૧૬ નારોજ મામલતદારને આવેદન પત્ર આપતા દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ શ્રીમતી આશાબેન ઠાકોર, ડેરીના પૂર્વ ડીરેકટર શ્રીમતી ચંદ્રીકાબેન પટેલ, ડેરીના ડીરેકટરશ્રી દુરસિંહ રાઠોડ, કાતિંભાઈ પટેલ,મહેન્દ્રસિંહચાવડા,પરષોતમ ભાઈ પટેલ તથા દૂધ ઉત્પાદકો.



વિસનગર મુકામે તા.૧૬-૪-૨૦૧૬ ના રોજ મામલતદારને આવેદન પત્ર આપતા દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ શ્રીમતી આશાબેન ઠાકોર, ડેરીના ડીરેકટરશ્રી સુરજબેન ચૌધરી, શ્રી જે.ડી. ચૌધરી, રાજુભાઈ ચૌધરી દૂધ ઉત્પાદકો.



કડી મુકામે તા.૧૧-૪-૨૦૧૬ ના રોજ મામલતદારને આવેદન પત્ર આપતા દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ શ્રીમતી આશાબેન ઠાકોર, ડેરીના ડીરેકટરશ્રી ઘનશ્યામસિંહ વાઘેલા,માણેકલાલ પટેલ,ગણેશભાઈ દેસાઈ,રણજીતસિંહ ઠાકોર તથા દૂધ ઉત્પાદકો તથા દૂધ ઉત્પાદકો.



બેચરાજી મુકામે તા.૨૦-૪-૨૦૧૬ ના રોજ મામલતદારને આવેદન પત્ર આપતા દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ શ્રીમતી આશાબેન ઠાકોર, હીરુભાઈ દેસાઈ તથા દૂધ ઉત્પાદકો.



હારીજ મુકામે તા.૨૨-૪-૨૦૧૬ ના રોજ મામલતદારને આવેદનપત્ર આપતા દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ શ્રીમતી આશાબેન ઠાકોર તથા ડેરીના ડીરેકટર ભગવતીબેન સકતાભાઈ ભરવાડ,દૂરડાના ડિરેકટર શ્રી રામજીભાઈ દેસાઈ તથા દૂધ ઉત્પાદકો.



સતલાસણા મુકામે તા.૧૨-૫-૨૦૧૬ ના રોજ મામલતદારને આવેદન પત્ર આપતા દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ શ્રીમતી આશાબેન ઠાકોર, ડેરીના ડીરેકટર મોઘજીભાઈ પટેલ તથા દૂધ ઉત્પાદકો.

## દૂધસાગર ડેરીની પશુમાલિકો માટેની પાડી-વાછરડી ઉછેર યોજના

આપણા મિલ્કશેડ એરિયા માં છેલ્લા ૩ વર્ષથી પાડી-વાછરડી ઉછેર યોજના કાર્યરત છે. આ પ્રોગ્રામમાં આપણે નાની પાડી-વાછરડી(૩ મહિનાથી નાની) માટે મિલ્ક રીપ્લેસર પાવડર, સાગર પાડીદાણ અને એક ગ્રુમિંગ બ્રશ સબસીડીથી આપીએ છીએ.આ પ્રોગ્રામ અંતર્ગત છેલ્લા વર્ષથી વિયાણ ચાલુ થઈ ગયા છે અને આપણે દરેક પશુ માલીક કે જેની પાડી ૪૦ મહિના કે તેના પહેલાં વિયાણ થયું હોઈ અને શંકર ગાયની વાછરડીનું ૩૦ મહિના કે તેના પહેલાં વિયાણ થયું હોઈ તે દરેક માલીક ને આપણે ગયા વર્ષે(૨૦૧૪-૨૦૧૫) માં સારી - સંભાળ માટે ઈનામ આપીને પ્રોત્સાહિત કર્યા હતાં

આવાજ એક માલીક નો આ પ્રોગ્રામ માટેની વાત તેમના શબ્દોમાં કહીએ તો તે નીચે મુજબ છે. માલીકનું નામ ચૌધરી પ્રવીણ ભાથીભાઈ જે ખેરાલુ તાલુકાના વધવાડી ગામના વતની છે. જેમનો મોબાઈલ નંબર- ૯૪૨૮૬૬૨૯૦૮ અને ડેરીમા દૂધ ગ્રાહક નંબર ૧૦૮ છે. તેમની પાસે શંકર ગાયો અને બે ભેંસો છે અને રોજ ૪૦ લીટર દૂધ ભરાવે છે. આ ગાયોમાંથી જેમની એક ગાય જેનો કડી નંબર કડી ૩૪૦૦૩૪૧૦૪૬૮૨ જેનું તા.૧૫-૭-૨૦૧૪ના રોજ વિયાણ થયેલ અને એ વખતે કુદરતની કરામત ગણો કે જે ગણો તે ૩ (ત્રણ) વાછરડીઓ એક સાથે જન્મી હતી અને ત્રણેનું સ્વાસ્થ્ય સારૂ હતું. પ્રવિણભાઈએ દરેક વાછરડી માટે દુધસાગર ડેરી દ્વારા ચાલતાં કાર્યક્રમ અંતર્ગત ૩ કિટ મંગાવીને મિલ્ક રીપ્લેસર પાવડર અને સાગર પાડીદાણ નાની ઉંમરે શરૂ કર્યુ જેની સાથે આ કાર્યક્રમ અંતર્ગત પ્રોગ્રામના કન્સલ્ટન્ટ દ્વારા ચેક કરતા માલુમ પડયું કે ૧૫ મહિનાની ઉંમરે આજે તે ૩ મહિનાની ગાભણ છે અને ૨૧ મહિને તે ત્રણે વાછરડીઓ દૂધ આપતી થઈ જશે.આ પ્રોગ્રામ અંતર્ગત જો પશુ માલિકો પોતાની વાછરડી કે પાડી સારા બીજદાન થી તૈયાર થઈ હોય તેઓને જો નાની ઉંમરે મિલ્ક રીપ્લેસર પાવડર અને સાગરપાડીદાણ આપી ઉછેર કરતો નાની ઉંમરે તેમનું પશુ દૂધ આપતું થઈ જાય અને પોતાના ઘરની ઓલાદ પોતાની પાસે રહે અને ઈનામ મળે એ માલિક માટે બોનસ કહેવાય.

# દૂધ ઉત્પાદકોનો આક્રોશ ઠેર-ઠેર રેલી સ્વરૂપે


ખેરાલુ



કલોલ


વડનગર


વિસનગર


માણસા


વિજાપુર


મહેસાણા


સતલાસણા



હારીજ



પાટણ


ઊંઝા


કડી



સિધ્ધપુર


ચાણસ્મા


બેચરાજી

દૂધસાગર ડેરી
આપણી ડેરી, સૌની ડેરી
સમરસ ડેરી

# ડેરી ના આદ્યસ્થાપક સ્વ.માનસિંહભાઈ પૃ.પટેલનું મહેસાણા સ્થિત 'પંચશીલ' મકાન દૂરડાને દાન




દૂધસાગર ડેરીની સ્થાપના અને સંવર્ધનમાં સ્વ.માનસિંહભાઈ પૃ.પટેલની ચાવીરૂપ ભૂમિકા અને પાયાનું યોગદાન રહયું છે. સ્વ.માનસિંહભાઈએ જયાં બેસીને ડેરીની સ્થાપના અને તેના વિકાસનું ભગીરથ કાર્ય મહેસાણા સ્થિત તેમના 'પંચશીલ' નિવાસસ્થાને કર્યુ હતું, જે તેમના જીવનકાર્યની સાક્ષી સમુ તેમના જીવંત સ્મારક સમાન છે. આથી સ્વ.માનસિંહભાઈ પૃ.પટેલના પુત્રવધુ અને ''કંકુબા પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ''ના મેનેજિંગ ટ્રસ્ટી શ્રીમતી ગીતાબહેન વિપુલભાઈ ચૌધરીએ 'પંચશીલ' મકાનને સ્વ.માનસિંહભાઈએ જે કાર્ય માટે જીવન સમર્પિત કર્યુ તે કાર્યને આગળ ધપાવવા દૂધ ઉત્પાદકો અને દૂધની સહકારી પ્રવૃતિને વેગ આપવાના વિવિધ કાર્યો ત્યાં કરી શકે તે માટે દૂરડાને દાનમાં અર્પણ કર્યુ છે.

દૂધસાગર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસોસિયેશન (દૂરડા)એ દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રના દૂધ ઉત્પાદકો અને મંડળીઓ માટે છેલ્લા ૪૮ વર્ષથી સેવા અને સહાય આપી રહયું છે. દૂરડા દ્વારા સિમેન સ્ટેશન, સંતતી પરીક્ષણ યોજના, કૃત્રિમબીજદાન જેવી વિવિધ યોજનાઓ ચલાવવામાં આવી રહી છે. દૂરડા દ્વારા હાથસુડા, ચાફકટર, લોખંડની ઘોડી, એનીમલ કુલીંગ સીસ્ટમ, મિલ્કીંગ મશીન,કોમ્પ્યુટરસેટ,પ્રિન્ટર અને સીસ્ટમ,ગળીયો અટકાવવા માટેની દવા તથા કીટ,કૃમિનાશક દવાઓ વગેરે સબસીડીથી પુરુ પાડવામાં આવી રહયું છે. દૂરડા દ્વારા દૂધ દોહનારીના બાળકો ડેરી તજજ્ઞ બને તે માટે માનસિંહભાઈ ઈન્સ્ટિટયુટ ઓફ ડેરી એન્ડ ફુડ ટેકનોલોજી કોલેજની સ્થાપના ૨૦૧૧ થી કરવામાં આવી છે.

અત્રે નોંધવું ઘટે કે અગાઉ પણ ''કંકુબા પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ''ના મેનેજિંગ ટ્રસ્ટી શ્રીમતી ગીતાબહેન વિપુલભાઈ ચૌધરીએ કંકુબા વિદ્યાપીઠની સ્થાપના માટે રૂા. ૧,૧૧,૧૧,૧૧૧/- (એક કરોડ અગિયાર લાખ અગિયાર હજાર એકસો અગિયાર) રૂપિયાનું દાન આપ્યુંછે.

દૂરડાના નિયામક મંડળની તાઃ૧૦/૩/૨૦૧૬ના રોજ મળેલ મિટીંગમાં ''કંકુબા પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ''ના મેનેજિંગ ટ્રસ્ટી શ્રીમતી ગીતાબહેન વિપુલભાઈ ચૌધરીએ આપેલ દાનનો આભાર સ્વીકાર કરવામાં આવ્યો છે અને 'પંચશીલ'નો સદુપયોગ સ્વ.માનસિંહભાઈના જીવન ધ્યેય સમી દૂધ ઉત્પાદકો અને દૂધની સહકારી પ્રવૃતિના વિકાસઅર્થે કરવામાં આવશે એવી ખાતરી આપી છે.

Dudhsagar
The Pride of India

**માલિક, મુદ્રક અને પ્રકાશક : મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ**
વતી શ્રી પી.આર.પટેલ મેનેજિંગ ડિરેક્ટર (ઈ.ચા.), દૂધસાગર ડેરી, મહેસાણા. ફોન : ૦૨૭૬૨ - ૨૫૩૨૦૧-૫
મુદ્રક સ્થાન : જય પ્રિન્ટર્સ, મહેસાણા. ૯૪૨૬૧ ૭૪૭૯૫
Ⓤ